હિંમતનગર અને અરવલ્લી ખાતે ૦૨–નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવા અંગેની રૂ.૧.૮૪ કરોડની નવી બાબતની વહીવટી મંજુરી બાબત.
(સને ૨૦૨૫–૨૬)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2024/2301/A-1**
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૨૧/૦૩/૨૦૨૫, તા.૨૬/૦૩/૨૦૨૫, તા.૦૮/૦૪/૨૦૨૫ અને તા.૧૯/૦૪/૨૦૨૫ના પત્રો.

**પ્રસ્તાવના:**

સામાજિક ન્યાય અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ૧૯૮૬–૮૭થી આદર્શ નિવાસી શાળાની યોજનાનો અમલ કરવામાં આવ્યો હતો. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના વાલીઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તેમજ આર્થિક રીતે પણ નબળા હોવાથી તેમના બાળકો ધોરણ–૮ પછીનો અભ્યાસ ચાલુ રાખી શકતા નથી. જેના કારણે આ જાતિના વિદ્યાર્થીઓના કારકિર્દી ઉપર અવરોધ ન થાય અને આ જાતિના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ સારૂ શિક્ષણ મેળવીને પોતાની શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર કરી શકે તે હેતુથી હાલમાં રાજ્યમાં ધો.૯ થી ૧૨ સુધીના અભ્યાસક્રમવાળી કુલ–૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં કુલ ૫૦૦૦ વિદ્યાર્થીઓને વિનામુલ્યે રહેવા, જમવા, તથા ભણવા વગેરેની સુવિધા આપવામાં આવે છે. તદ્ઉપરાંત વર્ષે બુટ–મોજા, પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી અને સાબુ–તેલ વગેરેની સવલતો પણ વિના મુલ્યે આપવામાં આવે છે. વંચાણે લીધા ક્રમ : (૧) પરના તા.૨૧/૦૩/૨૦૨૫, તા.૨૬/૦૩/૨૦૨૫ અને તા.૧૯/૦૪/૨૦૨૫ના પત્રોથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વર્ષ ૨૦૨૫–૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ હિંમતનગર અને અરવલ્લી ખાતે ૦૨–નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવા અંગેની કુલ રૂ.૧.૯૧ કરોડની નવી બાબતને ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૨૫–૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ હિંમતનગર અને અરવલ્લી ખાતે ૦૨–નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવા અંગેની કુલ રૂ.૧.૮૪ કરોડની નવી બાબતને નીચે મુજબની વિગતે નીચે જણાવેલ શરતોને આધીન ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | માસિક અંદાજિત ખર્ચ | માસ | જગ્યા | કુલ અંદાજિત ખર્ચ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ–૩)<br>(પગાર ધોરણ : પે મેટ્રીક્સ લેવલ નં–૭, RoP-2016) | ૪૯,૬૦૦/–<br>(ફિક્સ પગાર) | ૧૨ | ૦૨ | ૧૧,૯૦,૪૦૦/– |
| ૨ | આચાર્ય, વર્ગ–૨<br>(પગાર ધોરણ : પે મેટ્રીક્સ લેવલ નં–૮, RoP-2016) | ૭૫,૦૮૯/– | ૧૨ | ૦૨ | ૧૮,૦૨,૧૩૬/– |
| ૩ | માધ્યમિક શિક્ષક<br>(પગાર ધોરણ : પે મેટ્રીક્સ લેવલ નં–૬, RoP-2016)<br>(એક શાળામાં એક વર્ગ દિઠ ૧.૫ શિક્ષકોના રેશિયા પ્રમાણે ૧.૫ શિક્ષકો મળવાપાત્ર થાય છે. ધોરણ ૯ ના બે વર્ગ શરૂ કરવા ૦૩ શિક્ષકો મળવાપાત્ર થાય છે. તે મુજબ જેથી ૦૨ શાળામાં ચાર વર્ગ દિઠ ૦૬ શિક્ષકો લેખે પગાર ખર્ચ મળવાપાત્ર થાય છે.) | ૪૦,૮૦૦/–<br>(ફિક્સ પગાર) | ૧૨ | ૦૬ | ૨૯,૩૭,૬૦૦/– |
| ૪ | ચોકીદાર<br>(લઘુત્તમ વેતનધારા પ્રમાણે આઉટસોર્સથી)<br>(આઠ કલાકના ૦૧ ચોકીદાર લેખે ૦૧ આદર્શ નિવાસી શાળા માટે ૦૩ ચોકીદાર તેમજ ૦૨ આદર્શ નિવાસી શાળા માટે કુલ ૦૬ ચોકીદાર) | લઘુત્તમ વેતન મુજબ | ૧૧ | ૦૬ | ૧૨,૦૧,૨૬૬/– |
| ૫ | સફાઇ કામદાર<br>(લઘુત્તમ વેતનધારા પ્રમાણે આઉટસોર્સથી)<br>(૦૧ આદર્શ નિવાસી શાળા માટે ૦૧ સફાઇ કામદાર તેમજ ૦૨ આદર્શ નિવાસી શાળા માટે કુલ ૦૨ સફાઇ કામદાર) | લઘુત્તમ વેતન મુજબ | ૧૧ | ૦૨ | ૩,૪૭,૦૨૮/– |

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-May-2025 (11:00 AM)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | પટાવાળા<br>(લઘુત્તમ વેતન ધારા પ્રમાણે આઉટસોર્સથી)<br>(૦૧ આદર્શ નિવાસી શાળાના માટે ૦૧ પટાવાળા તેમજ ૦૨ આદર્શ નિવાસી શાળા માટે કુલ ૦૨ પટાવાળા) | લઘુત્તમ વેતન મુજબ | ૧૧ | ૦૨ | ૩,૪૭,૦૨૮/- |
| ૭ | વોર્ડન<br>(લઘુત્તમ વેતનધારા પ્રમાણે આઉટસોર્સથી)<br>(૦૧ આદર્શ નિવાસી શાળા માટે ૦૧ આઉટસોર્સ વોર્ડન તેમજ ૦૨ આદર્શ નિવાસી શાળા માટે કુલ ૦૨ આઉટસોર્સ વોર્ડન) | લઘુત્તમ વેતન મુજબ | ૧૧ | ૦૨ | ૪,૧૮,૫૦૬/- |
| ૮ | શાળા માટે ભાડેથી રાખવામાં આવનાર મકાનનું અંદાજીત માસિક ભાડું પ્રતિ માસ રૂ.૪૦,૦૦૦/-<br>(૦૧ આદર્શ નિવાસી શાળાના રૂ.૪૦,૦૦૦/- લેખે ૦૨ આદર્શ નિવાસી શાળાના રૂ.૮૦,૦૦૦/- X ૧૨ માસ = રૂ.૯,૬૦,૦૦૦/-) | ૪૦,૦૦૦/- | ૧૨ | --- | ૯,૬૦,૦૦૦/- |
| ૯ | આદર્શ નિવાસી શાળા શરૂ થવાના પ્રથમ વર્ષ આદર્શ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓ માટે વહીવટી ખર્ચ<br>(૦૧ આદર્શ નિવાસી શાળાના ૮૦ વિદ્યાર્થીઓ લેખે કુલ ૧૬૦ વિદ્યાર્થીઓ)<br>(૧) પલંગ, એક વિદ્યાર્થી માટે રૂ.૭,૦૦૦/- (અંદાજે) પ્રમાણે કુલ ૧૬૦ વિદ્યાર્થીઓ માટે રૂ.૧૧,૨૦,૦૦૦/-<br>(૨) ગાદલા, ચાદર,ઓશીકા, ગરમ ધાબળા, ચોરસા જેવું પાગરણ માટે એક વિદ્યાર્થીનો વાર્ષિક ખર્ચ રૂ.૩,૦૦૦/- (અંદાજે) કુલ ૧૬૦ વિદ્યાર્થીઓ માટે રૂ.૪,૮૦,૦૦૦/-<br>(૩) બેન્ચીસ- એક શાળા માટે ૩૦ મુજબ બે આદર્શ નિવાસી શાળા માટે ૬૦ X રૂ.૩,૦૦૦/-(અંદાજે) = રૂ.૧,૮૦,૦૦૦/- | ---- | --- | --- | ૧૭,૮૦,૦૦૦/- |
| ૧૦ | કોમ્પ્યુટર લેબ<br>(૧) એક શાળા દીઠ (૧૦ કોમ્પ્યુટર ૧ પ્રિન્ટર અને ૧ સ્કેનર) = રૂ. ૬,૫૦,૦૦૦<br>ઓફીસ માટે આચાર્ય અને મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીના<br>(૨ નંગ કોમ્પ્યુટર પ્રિન્ટર સ્કેનર સાથેનો સેટ)<br>(૧,૦૦,૦૦૦ × ૨ = ૨,૦૦,૦૦૦)<br>કુલ ખર્ચ એક શાળાનો રૂ.૬,૫૦,૦૦૦ + રૂ. ૨,૦૦,૦૦૦ = રૂ.૮,૫૦,૦૦૦/- લેખે કુલ ૦૨ આદર્શ નિવાસી શાળાનો ખર્ચ રૂ.૧૭,૦૦,૦૦૦/- | --- | --- | --- | ૧૭,૦૦,૦૦૦/- |
| | CCTV કેમેરાના અંદાજિત રૂ.૧૦,૦૦૦ લેખે અંદાજિત કુલ ૧૦ કેમેરાના રૂ.૧,૦૦,૦૦૦/-<br>(કુલ ૦૨ આદર્શ નિવાસી શાળા માટે ૧,૦૦,૦૦૦ X ૦૨ = રૂ.૨,૦૦,૦૦૦/-) | --- | --- | --- | ૨,૦૦,૦૦૦/- |
| ૧૧ | પ્રયોગશાળાના સાધનોની ખરીદી માટે રૂ. ૬૦,૦૦૦<br>(કુલ ૦૨ આદર્શ નિવાસી શાળા માટે ૬૦,૦૦૦ X ૦૨ = રૂ.૧,૨૦,૦૦૦/-) | --- | --- | --- | ૧,૨૦,૦૦૦/- |
| ૧૨ | ફર્નીચર, ટેબલ, ખુરશી, તિજોરી, લાયબ્રેરી, કબાટ, નોટીસબોર્ડ, સ્ટુલ તેમજ અન્ય એક શાળાનો અંદાજિત ખર્ચ રૂ.૩,૦૦,૦૦૦ લેખે ૦૨ આદર્શ નિવાસી શાળાનો કુલ ખર્ચ રૂ.૬,૦૦,૦૦૦/- | --- | --- | --- | ૬,૦૦,૦૦૦/- |
| ૧૩ | વિદ્યાર્થીને ભોજન ખર્ચ પેટે એક વિદ્યાર્થીદીઠ માસિક અંદાજિત રૂ.૨૭૭૨ લેખે ગણતા ૦૨ આદર્શ નિવાસી શાળાઓના કુલ ૧૬૦ વિદ્યાર્થીઓ માટે માસિક રૂ.૪,૪૩,૫૨૦/- | ૪,૪૩,૫૨૦/- | ૧૦ | --- | ૪૪,૩૫,૨૦૦/- |
| ૧૪ | એક વિદ્યાર્થી દિઠ બૂટ-મોજા, ગણવેશ અને સ્ટેશનરીનો વિદ્યાર્થી દિઠ વાર્ષિક ખર્ચ રૂ.૧,૫૦૦ લેખે કુલ ૧૬૦ વિદ્યાર્થીનો ખર્ચ રૂ.૨,૪૦,૦૦૦/-નો થશે. | --- | --- | --- | ૨,૪૦,૦૦૦/- |

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-May-2025 (11:00 AM)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | શાળા માટે પરચૂરણ ખર્ચ (લાઇટ, રમતગમત, સંગીતના સાધનો, પ્રવાસ ફી) વાર્ષિક એક શાળાનો ખર્ચ રૂ.૩૦,૦૦૦ લેખે ૦૨ આદર્શ નિવાસી શાળાઓના રૂ.૬૦,૦૦૦/- | --- | --- | --- | ૬૦,૦૦૦/- |

**શરતો-**

- સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાનું રહેશે.
- ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
- સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.
- નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
- યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
- Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
- પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
- આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
- પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
- આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
- આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
- અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

**લઘુતમ વેતન અંગેની શરત:**

લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

**આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે ખરીદવા અંગેની શરતો**

- આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
- આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજીવિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
- ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.
- નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-May-2025 (11:00 AM)

- ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઈ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યા શરત સામેલ કરવી)
- ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
- આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
- આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
- આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
- નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.
- જો કોઈ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.
- આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
- પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
- આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
- આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
- આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
- યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

**<u>આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની શરતો</u>**

- આઉટ સોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
- આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
- ડ્રાઈવર અને વર્ગ–૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાતા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
- રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રીની રહેશે. આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.
- મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
- આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
- આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
- આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
- આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
- આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
- સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-May-2025 (11:00 AM)

**જગ્યાઓની મુદત અને સેવાઓ અંગે**

- આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે–તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ વિભાગ મારફત નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
- સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

**નવી જગ્યા ઊભી કરવા અંગેની શરતો/ભરતી અંગેની સામાન્ય શરતો**

- આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
- સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
- આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
- આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
- કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
- રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય–ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

**પ્રસ્તુત નવી બાબતના ખર્ચ અંગેનું બજેટ સદર નીચે મુજબ છે.**

| | |
|---|---|
| માંગણી નં.: | ૯૨ |
| મુખ્ય સદર: | ૨૨૨૫ અનુ. જાતિઓ, અનુ. જનજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ |
| પેટા મુખ્ય સદર: | ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ |
| ગૌણ સદર: | ૨૭૭– શિક્ષણ |
| પેટા સદર: | ૧૫ – (ઓબીસી–૬–સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં રહેણાંક સવલતો) |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(નાણા)ની તા.૦૬/૦૫/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-May-2025 (11:00 AM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાના:**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, અ–શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ – ૨૦૨૫.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-May-2025 (11:00 AM)